મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

NEWS ગરવી તાકાત LIVE

૨૩-૧૦-૨૦૨૫
મંગળવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૬૦
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### ડિવાઈન ફૂડ ફેક્ટરી પર મહેસાણા ફૂડ વિભાગે દરોડો પાડી રૂા.૧.૬૦ લાખનો પનીરનો જથ્થો પકડી પાડ્યો હતો

# વિજાપુરમાં ડિવાઈન ફુડ ફેક્ટરીમાંથી પકડાયેલું પનીર ખાવા લાયક નહોતું, ફેક્ટરી માલિકને ૧૦ લાખનો દંડ પણ ભોગવવો પડી શકે!

**વિજાપુર-હિંમતનગર રોડ પર આવેલી ફેક્ટરીમાંથી પનીરના સેમ્પલમાં આરએમ વેલ્યુ ધોરણ કરતાં ઓછી, ગેનુગારો સામે કાયદેસરની કાર્યવાહીની તૈયારી**

**મહેસાણા જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી વિપુલ ચૌધરી અને તેમની ટીમની પ્રશંસનીય કામગીરીની ચો તરફ ચર્ચા**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

મહેસાણા જિલ્લાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે વિજાપુર-હિંમતનગર રોડ પર આવેલી ડિવાઈન ફૂડ નામની ફેક્ટરીમાં રેડ કરીને ૧.૬૦ લાખની કિંમતનો અખાદ્ય પનીરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી વિપુલ ચૌધરીની આગેવાની હેઠળની ટીમે ૨૨ સપ્ટેમ્બરના રોજ આ રેડ કરી હતી અને પનીરના સેમ્પલ લઈને તપાસ માટે મોકલ્યા હતા. આજે આવેલા રિપોર્ટમાં પનીરનો જથ્થો અખાદ્ય હોવાનું જણાયું છે. લેબોરેટરી રિપોર્ટ અનુસાર, પનીરની ગુણવત્તા માપવા માટેનું આરએમ (રીફ્રેક્ટિવ મિલ્ક) વેલ્યુ ધોરણ કરતાં ઘણું ઓછું જણાયું હતું.

નિયમો અનુસાર, પનીરનું આરએમ વેલ્યુ ઓછામાં ઓછું ૨૪ હોવું જોઈએ, પરંતુ ડિવાઈન ફૂડના પનીરના સેમ્પલમાં આ વેલ્યુ માત્ર ૧.૦૬ જણાઈ, જેના કારણે આ જથ્થો અખાદ્ય જાહેર કરવામાં આવ્યો છે.

**ગેરરીતિઓ અટકાવવા અન્ય લોકો પર પણ નજર રહેશે**

**આ ઘટના બાદ વિજાપુર-હિંમતનગર રોડ પરની અન્ય ફૂડ ફેક્ટરીઓ પર પણ ફૂડ વિભાગની નજર રહેશે, જેથી આવી ગેરરીતિઓને અટકાવી શકાય. નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે, તેઓ ખાદ્ય ઉત્પાદનો ખરીદતા પહેલાં તેની ગુણવત્તા અને લેબલની ચકાસણી કરે, જેથી આરોગ્યને નુકસાન ન થાય.**

**ફૂડ વિભાગની કામગીરીની પ્રશંસા**

**આ રેડ અને તેના પરિણામે ઝડપાયેલા અખાદ્ય પનીરના જથ્થાએ સ્થાનિક વેપારીઓ અને ગ્રાહકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે આ પ્રકારની કાર્યવાહીઓ દ્વારા ખાદ્ય ઉત્પાદનોની ગુણવત્તા જાળવવાનો પ્રયાસ કર્યો છે, જેનાથી ગ્રાહકોનો વિશ્વાસ પણ વધે છે.**



**ગુનેગારો સામે કાનૂની કાર્યવાહી કરાશે: ફૂડ અધિકારી**

**ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી વિપુલ ચૌધરીએ જણાવ્યું કે, આ અખાદ્ય પનીરના જથ્થાને લઈને ગેનુગારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે, ફેક્ટરી સામે ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ પણ ફટકારવામાં આવી શકે છે. અધિકારીએ વધુમાં જણાવ્યું કે, નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા આવા એકમો સામે વિભાગ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવે છે.**

### સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે બે દિવસીય નવરાત્રી મહોત્સવ 'થનગનાટ-૨૦૨૫' યોજાશે

# 'થનગનાટ' મહોત્સવ દ્વારા સમાજમાં સાંસ્કૃતિક વારસાનું સંવર્ધન, એકતાનો સંદેશ અને યુવાનોમાં નવી ઊર્જા જાગૃત કરવાનો હેતુ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી હંમેશાં વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓની સાથે સાથે ભારતીય યુવાનોમાં લોકકલાને પ્રોત્સાહન, સાંસ્કૃતિક વારસાનું સંવર્ધન અને સામાજિક એકતાને વેગ આપવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરતી આવી છે. જગત જનની માં અંબાના પાવન પર્વ નવરાત્રીની ઉજવણીના ભાગરૂપે વર્ષ ૨૦૧૬થી શરૂ કરાયેલો નવરાત્રી મહોત્સવ "થનગનાટ" આજે ઉત્તર ગુજરાતમાં આગવી ઓળખ ધરાવે છે અને વિદ્યાર્થીઓમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે. આ વર્ષે યુનિવર્સિટી ખાતે તારીખ ૨૫ અને




૨૬ સપ્ટેમ્બરના રોજ શ્રદ્ધા, ભક્તિ અને ઉલ્લાસથી ભરપુર ગરબા મહોત્સવ "થનગનાટ-૨૦૨૫" નું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે તારીખ ૨૫ સપ્ટેમ્બરે પ્રખ્યાત લોકગાયિકા મીરાન્દે શાહ પોતાના સુરીલા સ્વરોથી ગરબાની રંગત વધારશે અને તારીખ ૨૬ સપ્ટેમ્બરે લોકપ્રિય ગાયક અરવિંદ વેગડા પોતાના જુસ્સાદાર ગીતોથી ખેલૈયાઓને ગરબે ઘુમાવશે.

યુનિવર્સિટી દ્વારા આયોજીત સાંસ્કૃતિક ગરબા કાર્યક્રમમાં યુનિવર્સિટી અને સંલગ્ન સંસ્થાઓના ૧૦૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ ભાગ લેશે.

સમગ્ર કેમ્પસને આકર્ષક સજાવટથી સજાવવામાં આવશે અને ખેલૈયાઓ માટે પરંપરાગત રંગીન વસ્ત્રો — ચણિયાચોળી, કેડીયા-ધોતી, દુપટ્ટા અને ઓઢણી ને પ્રોત્સાહન આપવામાં આવશે, જે મહોત્સવમાં વધારાનો રંગ, ઉમંગ અને ભવ્યતા ઉમેરશે.

આ પ્રસંગે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે જણાવ્યું હતું કે નવરાત્રી એ માત્ર મા અંબાની આરાધના જ નહીં, પરંતુ ગુજરાતી સંસ્કૃતિ, ભક્તિ, શક્તિ અને ઉત્સાહનું પ્રતિક છે.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજીત 'થનગનાટ' મહોત્સવ દ્વારા સમાજમાં સાંસ્કૃતિક વારસાનું સંવર્ધન, એકતાનો સંદેશ અને યુવાનોમાં નવી ઊર્જા જાગૃત કરવાનો હેતુ છે.

આ ભવ્ય નવરાત્રી મહોત્સવની તૈયારીઓ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાણી તથા રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર યુનિવર્સિટી પરિવાર દ્વારા ઉત્સાહભેર કરવામાં આવી રહી છે.

### મહેસાણા જિલ્લામાં ઓવરલોડ અને રોયલ્ટી વિના ડમ્પર જપ્ત : ખાણ વિભાગની કડક કાર્યવાહી

# લાંઘણજ રોડ પરથી બે ડમ્પર અને સાદી રેતીના રૂા.૬૦ લાખના મુદ્દામાલની જપ્તી, માલિકો સામે દંડનીય કાર્યવાહી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

મહેસાણા જિલ્લામાં ઓવરલોડ તથા પરમિટ વિના ખનીજ વાહનની ગેરકાયદેસર પ્રવૃત્તિને રોકવા માટે જિલ્લા ખાણ-ખનીજ વિભાગે લાલ આંખ કરી દીધી છે. આજે જિલ્લા મદદનીશ ભૂસ્તર શાસ્ત્રી ડૉ. પ્રતિક શાહની સૂચના અને માર્ગદર્શન હેઠળ ઈન્સ્પેક્ટર દિલીપભાઈ રબારીની ટીમે લાંઘણજ રોડ પરથી એક રોયલ્ટી વિના અને એક ઓવરલોડ સાદી રેતી ભરેલા બે ડમ્પર જપ્ત કરી લીધા છે.

આ કાર્યવાહીમાં બે ડમ્પર અને તેમાં ભરેલી સાદી રેતીના કુલ ૬૦ લાખના મુદ્દામાલની જપ્તી કરીને તેને સલામત સ્થળે રાખવામાં આવ્યું છે. ભૂસ્તર વિભાગ દ્વારા વાહનના માલિકો સામે દંડનીય કાર્યવાહી હાથ



ધરવામાં આવી છે, જેમાં ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહણ સામે કડક પગલાં લેવામાં આવ્યા છે.


આ કાર્યવાહીથી મહેસાણા જિલ્લામાં ખાણ-ખનીજ વિભાગની કડકતા સ્પષ્ટ થઈ છે, જેના પગલે ગેરકાયદેસર રીતે ખનીજનું ખનન, વહન અને સંગ્રહણ કરતા વેપારીઓમાં ભયની લાગણી ફેલાઈ ગઈ છે. વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, આવી કાર્યવાહીઓ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે, જેથી કાયદાનું પાલન થાય અને જિલ્લાના કુદરતી સ્ત્રોતોનું રક્ષણ થાય.

### મહેસાણાના પોલીસ હેડક્વાર્ટર નજીક આવેલી મયુકપાર્ક સોસાયટીમાં બનેલ ચોંકાવનારી ઘટના

# દોઢ વર્ષની બાળકીને કૂતરાએ મોઢામાં પકડી ખેંચીને લઈ ગયું : કમરના ભાગે બચકું ભર્યુ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

મહેસાણાના પોલીસ હેડક્વાર્ટર નજીક આવેલી મયુરપાર્ક સોસાયટીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. રવિવારે બપોરના સમયે સોસાયટીના ૩૮ નંબરના મકાનમાં રહેતા નિલેષભાઈ શર્માની દોઢ વર્ષની દીકરી ધ્યાની ઘર આગળ બોલ રમી રહી હતી. એ દરમિયાન એક કૂતરાએ બાળકીના પગને મોઢામાં પકડી લીધો અને તેને ખેંચીને ગાડી સુધી લઈ ગયું. સદનસીબે, પરિવારજનોની નજર પડતાં તેઓ તાત્કાલિક દોડી આવ્યા. કૂતરું બાળકીને છોડીને નાસી ગયું હતું. કૂતરાએ બાળકીને કમરના ભાગે બચકું ભર્યુ હોવાથી તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં



આવી છે.

બાળકીના પિતા નિલેષભાઈએ જણાવ્યું કે આ કૂતરું સોસાયટીમાં એક પરિવાર પાળે છે. તેમણે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી છે. પોલીસે અરજીની તપાસ વિસ્તારના જમાદારને સોંપી છે. રાકેશભાઈ શર્માએ મહેસાણા ડિઝાસ્ટર કંટ્રોલમાં પણ ઘટનાની જાણ કરી છે. આ માહિતી મનપાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અને જીવદયા હેલ્પલાઈનને પણ આપવામાં આવી છે.સ્થાનિક રહેવાસી રાકેશ શર્માના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રખડતા કૂતરાઓનો ત્રાસ છે. સોસાયટીના મેઈન રોડ પર દસથી પંદર જેટલા કૂતરાઓ હોય છે. તેમણે ઉમેર્યું કે વિસ્તારમાં રખડતા કૂતરાઓ અને ગાયોની સમસ્યા ગંભીર બની છે.

## વિસનગર મહેસાણા તથા વિસનગર - ગાંધીનગરને જોડતા લીંક રોડ પર રીસરફેસીંગનું કાર્ય હાથ ધરાયું



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

મહેસાણા માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)ના કાર્યપાલક ઈજનેરશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે મહેસાણા જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), મહેસાણા દ્વારા ક્ષતિગ્રસ્ત માર્ગોની મરામત કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી છે. ત્યારે ચોમાસુ હળવું થતાં વિસનગર મહેસાણા તથા વિસનગર - ગાંધીનગરને જોડતા લીંક રોડ પર રીસરફેસીંગનું કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રી દ્વારા નાગરિક જીવનમાં રોજિંદા યાતાયાત માટે અતિ મહત્ત્વના એવા રોડ નેટવર્કની તત્કાલ મરામત હાથ ધરવાના દિશાનિર્દેશોના પગલે આ કામગીરી શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત રોડ મેઈન્ટેનન્સ અંતર્ગત મહેસાણા જિલ્લામાં અલગ અલગ સ્થળોએ જરૂરિયાત અનુસાર માર્ગ મરામત અર્થે ડામર પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે.

### ચાર રોડને આઇકોનિક રોડ તરીકે ડેવલપ કરવાની કામગીરી શરૂ થશે

# મહેસાણા મહાનગરપાલિકા દ્વારા પ્રથમ નવરાત્રિએ રૂપિયા ૧૫૨.૪૧ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

મહેસાણા મહાપાલિકા દ્વારા વિસ્તારમાં હાથ ધરાયેલાં વિવિધ ૧૫૨.૪૧ કરોડનાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવા પ્રથમ નવરાત્રિએ ટાઉનહોલમા કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જે પૈકી કેટલાંક કામો શરૂ પણ કરી દેવામાં આવ્યા છે. મહેસાણા મહાનગરપાલિકા દ્વારા વિવિધ ૧૯ જેટલા વિકાસ કામોનો નવરાત્રિના પહેલા નોરતે ખાતમુહૂર્તથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ તમામ કામોનું ખાતમુહૂર્ત એક સાથે આજે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ટાઉનહોલમાં કરવામાં આવ્યું.

આ યોજનાઓમાં ચાર રોડને આઈકોનિક રોડ તરીકે ડેવલપ કરવાની કામગીરી શરૂ થશે, જેમાં



ઝુલેલાલ ચોકથી માનવ આશ્રમ સર્કલ સુધીનો રોડ તેમજ મોઢેરા રોડ, આંબેડકર ચોકથી માનવ આશ્રમ સર્કલ સુધી અને માનવ આશ્રમ સર્કલથી વિસનગર લિંક સુધીના રોડનો સમાવેશ થાય છે.

ઉપરાંત, બિલાડી બાગ અને મહર્ષિ અરવિંદ બાગનુંરી-ડેવલપમેન્ટ તથા બ્યુટીફીકેશન શરૂ થશે. તોરણવાળી માતા ચોકને હેરિટેજ સ્ટ્રીટ તરીકે ડેવલપ કરવાની કામગીરી પણ આરંભાશે.સામાજિક વિકાસ કામોમાં, લાખવડી ભાગોળમાં ભીમરાવ ટેકરા, ભોંયરાવાસમાં ફુલમાઈ મંદિર પાસે, કરબા આંબેડકર ચોક, કરબા પમ્પિંગ સ્ટેશન ૧ અને ૨ સહિત પાંચ જગ્યાએ નવી આંગણવાડી બનાવાશે. હાલની ૫૩ આંગણવાડીઓને સ્માર્ટ આંગણવાડીમાં રૂપાંતરિત કરવામાં આવશે.જન ભાગીદારી યોજના હેઠળ ૧૭ સોસાયટીઓમાં સીસી રોડ અને પેવર બ્લોક કરવામાં આવશે. તે સિવાય નવીન રિચાર્જવેલ અને પ્રોટેક્શન વોલ બનાવાશે. ડ્રેનેજ ક્ષેત્રે, ૨ એમએલડી ક્ષમતાના માઈક્રો એસટીપી બનાવવાની કામગીરી અને હયાત ૧૩ ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનનું નવીનીકરણ કામ પણ ખાતમુહૂર્ત સાથે શરૂ થશે.




# ભારતમાં ડિઝાઇન, ભારત પડકારોનો સામનો કરવા માટે તૈયાર છે

સેમિકોન ઈન્ડિયા કાર્યક્રમમાં વિશ્વભરના રોકાણકારોને ભારતમાં આવવા માટે આમંત્રણ આપતી વખતે પ્રધાનમંત્રીએ ભારતમાં ડિઝાઇનની વાત કરી તે મેક ઇન ઇન્ડિયાનું વિસ્તરણ છે. આ કાર્યક્રમમાં, યુએસ પ્રમુખ ટ્રમ્પનો ઉલ્લેખ કર્યા વિના, પ્રધાનમંત્રીએ એમ પણ કહ્યું કે ભારત આર્થિક સ્વાર્થથી ઉદ્ભવતા પડકારોનો સામનો કરવા માટે તૈયાર છે. તે સ્પષ્ટ છે કે તેઓ ટ્રમ્પની મનસ્વી ટેરિફ નીતિ તરફ ઈશારો કરી રહ્યા હતા.

આ પહેલા પણ, તેમણે ટ્રમ્પ ટેરિફના પડકારોને પ્રકાશિત કરતી વખતે સ્વદેશીનું આહવાન કર્યું છે. છેલ્લા પાંચ વર્ષથી અને ખાસ કરીને કોવિડ મહામારી પછી, સ્વદેશી અને આત્મનિર્ભરતાની વાત થઈ રહી છે તે વાતને અવગણી શકાય નહીં. જ્યારે સ્વદેશી અને આત્મનિર્ભરતા પર ભાર મૂકવામાં આવે છે, ત્યારે કેટલાક ઉત્સાહી લોકો અને સંગઠનો ચીની વસ્તુઓનો બહિષ્કાર કરવાની ઝુંબેશ શરૂ કરે છે.

આ બધા વચ્ચે, હકીકત એ છે કે સ્વદેશી અપનાવવા તરફ ન તો અપેક્ષિત પ્રગતિ થઈ રહી છે અને ન તો દેશને ખરેખર આત્મનિર્ભર બનાવવા માટે. આત્મનિર્ભર બનવાનું લક્ષ્ય ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે મેક ઈન ઈન્ડિયા સાથે ડિઝાઈન ઈન ઈન્ડિયા હેઠળ લેવામાં આવી રહેલી પહેલ અસરકારક સાબિત થશે.

એ વાતનો ઈનકાર કરી શકાય નહીં કે મેક ઈન ઈન્ડિયા પહેલે ઘણી અસર દર્શાવી છે અને તેનો પુરાવો એ છે કે આજે ભારતમાં મોટી સંખ્યામાં મોબાઈલ ફોનનું ઉત્પાદન થઈ રહ્યું છે અને તેની નિકાસ પણ થઈ રહી છે. સેમિકન્ડક્ટર ઉત્પાદનની દિશામાં જે સફળતા જોવા મળી રહી છે તે પણ આ પહેલનું પરિણામ છે, પરંતુ એ સમજવું મુશ્કેલ છે કે ભારતીય ઉદ્યોગ દેશને આત્મનિર્ભર બનાવવાની પ્રતિબદ્ધતા કેમ દર્શાવી શકતો નથી, જેમ તેણે કરવી જોઈતી હતી?

ભારતીય ઉદ્યોગ ચીની વસ્તુઓ પર નિર્ભર હોવાનું કારણ શું છે? તમામ પ્રયાસો છતાં, ચીનથી એવી વસ્તુઓ આવી રહી છે જે ભારતમાં સરળતાથી ઉત્પન્ન થઈ શકતી નથી, પરંતુ તેની સાથે, એવી વસ્તુઓ પણ મોટા પાયે આયાત કરવામાં આવી રહી છે જે સરળતાથી દેશમાં ઉત્પન્ન થઈ શકે છે અને જે એક સમયે બનાવવામાં આવતી હતી. રોજિંદા જરૂરિયાતની વસ્તુઓ પણ મોટા પાયે ચીનથી આવી રહી છે તે યોગ્ય નથી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# ગણપત યુનિવર્સિટીમાં સ્પ્રિંગર નેચરના સહયોગથી આંતરરાષ્ટ્રીય કોન્ફરેન્સ - કોમ્પ્યુટિંગ સાયન્સ, કોમ્યુનિકેશન અને સિક્યુરિટીનું કરાયેલ સફળ આયોજન

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

ગણપત યુનિવર્સિટીએ સ્પ્રિંગર નેચરના સહયોગથી હાઈબ્રિડ મોડ (ઓનલાઈન અને ઓફલાઈન) માં કોમ્પ્યુટિંગ સાયન્સ, કોમ્યુનિકેશન અને સિક્યુરિટી (COMS2) વિષય ઉપર આંતરરાષ્ટ્રીય કોન્ફેરેન્સની છઠ્ઠી આવૃત્તિનું તાજેતરમાં સફળતાપૂર્વક આયોજન કર્યું. આ વૈશ્વિક મંચમાં ૧૫ દેશોના ૨૨૫થી વધુ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા, જેમાં પ્રખ્યાત શિક્ષણવિદો, વૈજ્ઞાનિકો અને અભ્યાસુ-સસોધકોનો સમાવેશ થાય છે.

ગણપત યુનિવર્સિટીના પ્રમુખ અને પેટ્રન-ઇન-ચિફ પદ્મશ્રી ડૉ. ગણપતભાઈ આઈ. પટેલે તેમના પ્રમુખ તરીકેના ભાષણમાં, સસ્ટેનેબલ કમ્પ્યુટિંગ, ક્વોન્ટમ ટેકનોલોજી, AI, IoT અને સાયબર સુરક્ષામાં સંશોધનને આગળ વધારવા માટે વૈશ્વિક પ્લેટફોર્મ તરીકે COMS2 જેવી પરિષદનું આયોજન કરવાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે ભવિષ્યની તકનીકી પ્રગતિ અને સામાજિક વિકાસને આગળ વધારવા માટે ઊર્જા-કાર્યક્ષમ સિસ્ટમ્સ, સુરક્ષિત સંચાર માળખા અને નવીન વિચાર સરણીની જરૂરિયાત પર ભાર મૂક્યો.

ગણપત યુનિવર્સિટીના ગ્રુપ પ્રો ચાન્સેલર ડૉ. મહેન્દ્ર શર્માએ આ આયોજનના મહત્વ ઉપર પ્રકાશ પાડ્યો, અત્યાધુનિક સંશોધન અને સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો અને જ્ઞાન વિનિમય અને ભવિષ્યની પ્રગતિને પ્રોત્સાહન આપવાની ઈવેન્ટની ક્ષમતામાં વિશ્વાસ વ્યકત કર્યો. તેમણે વર્ષોથી COMS2 ની સંશોધન ગુણવત્તા, શૈક્ષણિક શ્રેષ્ઠતા અને સુસંગતતાને જાળવી રાખવા માટે કરવામાં આવેલા



સતત પ્રયાસો પર પણ ભાર મૂક્યો.

કોન્ફરન્સના જનરલ ચેર અને ગણપત યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર ડૉ. સત્યેન પરીખે તમામ આમંત્રિત મહેમાનો અને સહભાગીઓનું સ્વાગત કર્યું અને COMS2 ની છઠ્ઠી આવૃત્તિ વિશે માહિતી આપી, જેમાં સ્પ્રિંગરના ઈક્વિનોક્સ પ્લેટફોર્મ દ્વારા ૨૩૯ પેપર સબમિશન પ્રાપ્ત થયા હતા, જેમાંથી ફક્ત ૨૮ પેપરને સખત ડબલ-બ્લાઈન્ડ પીઅર સમીક્ષા પછી સ્વીકારવામાં આવ્યા હતા, જે ૧૧% ના સ્વીકૃતિ ગુણવત્તાને પ્રતિબિંબિત કરે છે.

ઉદ્ઘાટન સમારોહના મુખ્ય મહેમાન અને ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફર્મેશન ટેકનોલોજી (IIIT), હેદરાબાદ, તેલંગાણાના ડિરેક્ટર ડૉ. સંદીપ કુમાર શુક્લાએ પોતાના સંશોધન અનુભવ વિષે વાત કરી અને સંશોધકો તથા યુવાનોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગ (ML), સાયબર સિક્યોરિટી અને ઝીરો-ટ્રસ્ટ આર્કિટેક્ચર્સ, ૫૮ અને આગામી પેઢીના સંચાર નેટવર્ક્સ તથા ક્વાન્ટમ કમ્પ્યુટિંગ જેવી ટેક્નોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કર્યા. તેમણે "Secu®iy of AI-based Systems" વિષય પર એક પૂર્ણ સત્ર પણ આપ્યું.

બે દિવસીય કોન્ફરન્સમાં વૈશ્વિક નિષ્ણાતો દ્વારા સાત પૂર્ણ વાર્તાલાપનો સમાવેશ થાય છે, જે નીચે મુજબ છે:

ડૉ. પ્રકાશ મુરલી, યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ, ઈંગ્લેન્ડે ×સ્કેલેબલ ક્વોન્ટમ કમ્પ્યુટિંગ× પર મુખ્ય વાર્તાલાપ આપ્યો; શ્રી અભિષેક મહંતી, હેડ ઓફ પાર્ટનર્સ, ગુગલ ક્લાઉડ, ઈન્ડિયા પાર્ટનર્સે ×એજન્ટિક છૈં યુગ× વિશે વાત કરી; ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટી, કેનેડાના પ્રોફેસર ડો. ઝેવિયર ફર્નાન્ડોએ ×ભારત જેવા ટકાઉ દેશ માટે માહિતી અને સંદેશાવ્યવહાર તકનીકો× વિષય પર પૂર્ણ સત્રમાં ચર્ચા કરી; ડો. મોહિત પી. તાહિલિયાની, પ્રોફેસર, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (NITK), કર્ણાટક, સુરથકલ, ભારતે ×લેટન્સી સામે દોડ-ઝડપી સંશોધન માટે અદ્યતન સાધનોનો લાભ લેવો× વિષય પર વાત કરી; ડો. કુમાર ગૌતમે, નવી દિલ્હી, ભારત ખાતે QRACE ના સ્થાપક અને પ્રમુખ, ×ક્વોન્ટમ સિક્યોર કોમ્યુનિકેશન નેટવર્ક× વિષય પર પૂર્ણ સત્રમાં ચર્ચા કરી; ×ફ×સ એન્જિનિયરિંગ કોલેજ, વલ્લભ વિદ્યાનગર નાં પ્રો. ડો. જગદીશ એમ. રાઠોડે "5G નેટવર્ક માટે રેડિયો ફ્રીક્વન્સી ટેસ્ટિંગ× વિષય પર વાત કરી.

કોન્ફરન્સના ઓવરઓલ ઓર્ગેનાઈઝિંગ ચેર અને ગણપત યુનિવર્સિટીના કોમ્પ્યુટર એપ્લિકેશન્સ ફેકલ્ટીના ડીન ડો. નિર્ભય ચૌબેએ ગણપત યુનિવર્સિટી મેનેજમેન્ટ, સ્પ્રિંગર નેચર, જર્મની અને સ્પ્રિંગર ઝઝૈંજી ના સંપાદક શ્રી અમીન મોબાશ્રીનો પ્રકાશન સમર્થન માટે તેમજ મુખ્ય વક્તાઓ, નિષ્ણાતો, સત્ર અધ્યક્ષો, સંશોધકો, સમીક્ષકો અને ૪૧ દેશોના સહભાગીઓનો આભાર માન્યો.

તેમણે ૪૦૦ થી વધુ સમીક્ષકો, સલાહકાર અને આયોજન સમિતિના સભ્યો, તકનીકી સમિતિના સભ્યોના યોગદાનની પણ સરાહના કરી, જેમના સમર્થનથી કોન્ફરન્સની સફળતા સુનિશ્ચિત થઈ.

બધા ૨૮ પસંદ કરેલા સંશોધન પત્રો તેમના લેખકો દ્વારા સત્ર અધ્યક્ષો સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જેઓ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓના પ્રતિષ્ઠિત ડોમેન નિષ્ણાતો હતા.

સમાપન સમારોહમાં, IT-ITeS SSC, NASSCOM ના CEO ડો. અભિલાષા ગૌરે કમ્પ્યુટર વિજ્ઞાન અને માહિતી ટેકનોલોજીમાં સંશોધન અને નવીનતાને આગળ વધારવામાં મજબૂત શૈક્ષણિક-ઉદ્યોગ સહયોગના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે નોંધ્યું હતું કે સ્પ્રિંગર COMS2 જેવી આંતરરાષ્ટ્રીય પરિષદોમાં સહયોગ કરવામાં NASSCOM અને ગણપત યુનિવર્સિટી વચ્ચેની ભાગીદારી જ્ઞાનના આદાનપ્રદાન, કૌશલ્ય વિકાસ અને ભવિષ્ય માટે તૈયાર સંશોધન માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડે છે, જેનાથી ઉદ્યોગની જરૂરિયાતો અને શૈક્ષણિક શ્રેષ્ઠતા વચ્ચેના અંતરને દૂર થાય છે.

# ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** તમારા નિર્ણયને સર્વોચ્ચ રાખો. કોઇ સંમેલન કે સમારોહમાં જવા માટે આમંત્રણ મળી શકે છે. આ સમયે અનેક ખર્ચ સામે આવશે પરંતુ, આવકના સ્રોત પણ વધવાથી આર્થિક સમસ્યાઓ રહેશે નહીં.

**વૃષભઃ** કોઇ જરૂરિયાતમંદ મિત્રની મદદ કરવાથી આત્મિક શાંતિ પ્રાપ્ત થશે. આજે દોડભાગ તથા મહેનત વધારે રહી શકેશે છે, કાર્યની સફળતા તમારો થાક દૂર કરી દેશે.

**મિથુનઃ** તમારી કાર્યકુશળતા દ્વારા આશા પ્રમાણે લાભ પણ પ્રાપ્ત થશે. તમારી યોજનાઓને શરૂ કરવાનો યોગ્ય સમય છે. લગ્નજીવન મધુર રહેશે. વ્યવસાયિક ગતિવિધિઓ ઉત્તમ રહેશે.

**કર્કઃ** તમારો પોઝિટિવ દૃષ્ટિકોણ પારિવારિક અને સામાજિક ગતિવિધિઓમાં યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવામાં મદદ કરશે. પારિવારિક સભ્યો તથા સંબંધીઓ સાથે સંબંધ વધારે મજબૂત બનશે.

**સિંહઃ** આર્થિક સ્થિતિ સારી રહેશે. નજીકના સંબંધીઓ સાથે મુલાકાત થશે અને કોઈ મુદ્દા ઉપર ચર્ચા-વિચારણાં પણ થઇ શકે છે. આમ ધાર્મિક તથા અધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ થોડો સમય પસાર કરો.

**કન્યાઃ** કોઈ જૂની યોજનાને શરૂ કરવા માટેનો યોગ્ય સમય છે. ઘરના વડીલ તથા અનુભવી લોકોના માર્ગદર્શનથી અનેક મુશ્કેલીઓનું આજે આપને સમાધાન મળી શકશે છે. આજે મનમાં કોઈ મોટી દુવિધા હશે તો તે દૂર થશે.

**તુલાઃ** છેલ્લાં થોડા સમયથી અટવાયેલાં કામોમાં ગતિ આવશે. રાજનૈતિક તથા સામાજિક સીમા વધશે. બાળકોની સમસ્યાના સમાધાનમાં તમારો સહયોગ તેમના માટે ખૂબ જ યોગ્ય રહેશે.

**વૃશ્ચિકઃ** આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત તથા લાભકારી રહેશે. ઘરની સજાવટ અંગેના કાર્યોમાં પણ સમય સારો પસાર થશે. તમારા ઉદેશ્યોને પૂર્ણ કરવામાં ધ્યાન આપો. તમને ધારી સફળતા મળશે.

**ધનઃ** નવી યોજનાઓને શરૂ કરવા માટે યોગ્ય સમય છે. વડીલોના આશીર્વાદ અને સ્નેહ પરિવાર ઉપર જળવાયેલો રહેશે. આવકનો કોઇ મહત્ત્વપૂર્ણ સ્રોત બનશે. કોઇ ધાર્મિક સ્થળમાં પણ તમારો સમય પસાર થશે.

**મકરઃ** ઘણાં દિવસો પછી ઘરમાં નજીકના સંબંધીઓના આગમનથી ઉત્સવનું વાતાવરણ રહેશે. આ રાશિના જાતકો સંતુલિત પ્રવૃત્તિના હોય છે. આજે તમારો આ ગુણ તમારી ઉન્નતિમાં મદદગાર રહેશે.

**કુંભઃ** આજે તમે તમારી ચતુરાઈથી કોઇ સમસ્યાનું સમાધાન મેળવવામાં સક્ષમ રહી શકશો. જે કામ છેલ્લાં ઘણાં સમયથી અટવાયેલું હતું તે આજે તમારી કોશિશ દ્વારા પૂર્ણ થવાની પુરી સંભાવના છે.

**મીનઃ** જાતકો પોતાના કાર્યો પ્રત્યે સંપૂર્ણ સજાગ રહેશે. અચાનક જ કોઇ અજાણ વ્યક્તિ સાથે મુલાકાત તમારા માટે ફાયદાકારક રહેશે. આ સમયે ગ્રહની સ્થિતિઓ તમારા માટે ખૂબ જ અનુકૂળ છે.




### કેન્દ્રીય ગૃહ - સહકારિતા મંત્રી સહકારી ક્ષેત્ર માટે મોટી જાહેરાત કરશે તેવી અટકળો

# અમિત શાહના સહકાર સંમેલનમાં હજારો લોકો ઉમટયા

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૨

કેન્દ્રીય ગૃહ-સહકારિતા મંત્રી અમિત શાહ આજે રાજકોટના પ્રવાસે છે. જીએસટીમાં રાહત વચ્ચે કેન્દ્રીય મંત્રી સહકારી ક્ષેત્ર માટે પણ કોઈ મોટી જાહેરાત કરશે તેવી અટકળો વ્યક્ત થઈ રહી છે.



રાજકોટની જીલ્લા બેંક તથા સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સામાન્ય સભા તથા તેને સંલગ્ન સહકાર સંમેલનમાં હાજરી આપવા કેન્દ્રીય ગૃહ સહકારિકા મંત્રી અમિત શાહ તથા શ્રમ-રમતગમત મંત્રી મનસુખ માંડવીયા રાજકોટની મુલાકાતે આવ્યા છે.

રેસકોર્ષમાં યોજાય રહેલી રાજકોટ જીલ્લાની સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સભા તથા સહકારી સંમેલનમાં હાજરી આપશે. બપોરે તેઓ સૌપ્રથમ જીલ્લા બેંક ભવન ખાતે વિઠલભાઈ રાદડીયા તથા વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરશે અને ત્યારબાદ રેસકોર્ષમાં સહકારી સંમેલનમાં હાજરી આપશે.

સહકાર સે સમૃદ્ધિ હેઠળ અનેકવિધ કાર્યક્રમો થઈ જ રહ્યા છે તેવા સમયે રાજકોટના કાર્યક્રમમાં અમિત શાહની હાજરીથી સહકારી જગતમાં જબરો ઉત્સાહ છે. રાજકોટ-મોરબીના સમગ્ર જીલ્લામાંથી હજારોની સંખ્યામાં સહકારી આગેવાનો, પશુપાલકો, ખેડુતો વગેરે ઉમટી પડયા છે.

કેન્દ્ર સરકારે સહકારી ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા તથા કિસાનો-પશુપાલકોને મહતમ લાભ અપાવવા માટે અનેકવિધ યોજનાઓ જાહેર કરી જ છે. આજે રાજકોટના સંમેલનમાં પણ સહકારી ક્ષેત્રને લગતી મોટી જાહેરાત કરે તેવી અટકળો રહી છે.

રાજકોટનુ સહકારી માળખુ દેશભરમાં નામના ધરાવે છે. ખાસ કરીને જીલ્લા બેંક તથા રાજકોટ ડેરીની નામના વિશેષ છે અને કામગીરી-માળખાના અભ્યાસ માટે દેશભરના જુદા-જુદા રાજયોના સહકારી નેતાઓ-અધિકારીઓ મુલાકાતે આવતા હોવાનું ઉલ્લેખનીય છે.

દરમ્યાન અમિત શાહની રાજકોટની મુલાકાતને ધ્યાને રાખીને સુરક્ષાનો લોખંડી બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. હિરાસર એરપોર્ટથી જીલ્લા બેંક તથા રેસકોર્ષ સુધીના સમગ્ર માર્ગ પર ચૂસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

### કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ : રાજકોટ જીલ્લાની સહકારી સંસ્થાઓની વાર્ષિક સભા તથા વિઠલભાઈ રાદડીયા - વલ્લભભાઈ પટેલની પ્રતિમાનુ અનાવરણ

### ગેરકાયદે બાંધકામો ઇમ્પેકટ કાયદા હેઠળ માન્ય-ફાયરના કાયદામાં અમાન્ય!

## ૧૪૮૨ આસામી પૈકી માત્ર ૮૪ને સર્ટીફીકેટ મળ્યું : ૧૩૯૮ મિલ્કતો એનઓસી વગર રહે તેવી હાલત : ચિંતા યથાવત

અનઅધિકૃત બાંધકામો કાયદેસર કરવા રાજય સરકારે ચાર વખત મુદત વધારાયેલી ઈમ્પેકટ ફી યોજનાનો અમલ ચાલુ છે ત્યારે આ નિયમ હેઠળ રેગ્યુલર થતા બાંધકામો હજુ ફાયર એનઓસીને પાત્ર ઠરતા ન હોય, સંપૂર્ણ કાયદેસરતાના દસ્તાવેજો અધુરા રહેતા હોવાની વિગત બહાર આવી છે. જનરલ બોર્ડને તંત્રએ આપેલી વિગત મુજબ વધારાના બાંધકામ કરનાર આસામીઓ પૈકી ફાયર એનઓસીમાં આવતા હોય તેવા એકમોએ ઈમ્પેકટ ફીનો લાભ લઈ ફાયર એનઓસી માટે અરજી મૂકી હતી.



પરંતુ ઈમ્પેકટ ફીમાં નિયમ મુજબ થયેલા વધારાના નવા બાંધકામો ફાયર એનઓસીના નિયમોમાં માન્ય ઠરતા નથી. આથી આવા આસામીઓ હવે ફાયર ઓનઓસી મેળવવા માટે ઈમ્પેકટ ફીનો લાભ લઈને ફસાયા છે.

અત્યાર સુધીમાં ૧૪૮૨ આસામીઓએ અરજી કરતા તે પૈકી ફકત ૮૪ એકમોને મંજૂરી મળતા બાકી ૧૩૯૮ બાંધકામોમાં આસામીઓએ ફરિજયાત ફેરફાર કરવો પડે તેમ છે.

રહેણાંક બાંધકામોમાં બહુ વાંધો નથી. પરંતુ કોમર્શિયલ બાંધકામોની ફાઈલ માન્ય ઠરવા છતાં ફાયર એનઓસી મળવામાં મુશ્કેલી છે. વધારાનું બાંધકામ કર્યા બાદ ફાયર એનઓસી માટે અરજીની તપાસમાં સ્થળ તપાસ દરમિયાન મોટાભાગના એકમોમા કરેલા વધારાના બાંધકામો ફાયર એનઓસીના નિયમોને અનુરૂપ દેખાયા નથી.

આથી તેમના પ્રમાણપત્ર ઈશ્યુ થઈ શકતા નથી. ટીપીઆર ગેમ ઝોન અગ્નિકાંડ બાદ આ નિયમોનો ચુસ્ત અમલ થઈ રહ્યો છે. અનેક નવા નિયમોના કારણે આવા બાંધકામોને ફાયર એનઓસી મળવા નથી. ઈમ્પેકટ ફીનો લાભ લેનાર ૧૪૮૨ આસામીઓએ ફાયર એનઓસી માટે અરજી કરતા માત્ર ૮૪ એકમોને ફાયર એનઓસી ફાળવવામાં આવી છે. જયારે બાકી રહેતા ૧૩૯૮ બાંધકામોને ફાયર એનઓસી પેન્ડીંગ છે.

### એર એકસીડેન્ટ ઈન્વેસ્ટીગેશન બ્યુરોના તપાસ રિપોર્ટ પર નારાજગી દર્શાવી

# અમદાવાદ વિમાની દુર્ઘટના : પાઈલોટને જવાબદાર ગણાવતો AAIBના રીપોર્ટ કમનસીબ : સુપ્રીમ

**શા માટે સ્વતંત્ર તપાસ ન યોજવી! કેન્દ્રને નોટીસ : પ્રાથમીક તપાસનો રિપોર્ટ કેમ 'લીક' થયો ! હજુ સુધી કેમ સાચી વિગતો જાહેર થઈ નથી : પ્રશ્નો**

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૨

અમદાવાદમાં તા.૧૨ જૂનના એરઈન્ડીયાની અમદાવાદથી લંડન જતી ફલાઈટને નડેલી દુર્ઘટના અને ૨૭૦ લોકોના થયેલા મૃત્યુ અંગે તપાસ મુદે સુપ્રીમકોર્ટે તિવ્ર નારાજગી દર્શાવતા શા માટે સ્વતંત્ર તપાસના આદેશ ન આપવા તે મુદે સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને નોટીસ પાઠવી છે.આ દુર્ઘટનાના કારણ અંગે હજુ સુધી કોઈ તપાસના તારણો આપ્યા નથી. પરંતુ સર્વોચ્ચ અદાલતે એર એકસીડેન્ટ ઈન્વેસ્ટીગેશન બ્યુરોના પ્રાથમીક રિપોર્ટ લીક થવા પર અને તેમાં કોઈ પુરાવા વગર સીધી પાઈલોટને જવાબદાર ગણાવવા પર તિવ્ર નારાજગી દર્શાવી હતી.



સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ થયેલી સ્વતંત્ર તપાસમાં સુપ્રીમકોર્ટ ખુદ મોનેટરીંગ કરે તેવી માંગણી કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સુર્યકાંતના વડપણ હેઠળની ખંડપીઠે આ માટે એએઈબીની સમગ્ર તપાસ પ્રક્રિયાને બેજવાબદાર ગણાવી હતી.

પ્રાથમીક તપાસ રિપોર્ટ કોઈ સ્પષ્ટ તારણો વગર લીક થયો તે પણ નારાજગી દર્શાવીને ઉમેર્યુ કે કેન્દ્ર સરકારે આ અંગે જવાબ આપવાનો રહેશે. સેફટી મેટર્સ ફાઉન્ડેશન દ્વારા આ અરજી કરવામાં આવી હતી. એએઆઈબીએ તેના રિપોર્ટમાં વિમાનમાં ફયુલ સપ્લાય હ્લકટ' થવાને કારણ દર્શાવ્યુ હતું અને તેમાં પાઈલોટ એ ઈરાદાપૂર્વક કે ભૂલથી આમ કર્યુ હોવાનું તારણ આપ્યુ હતું.

પરંતુ તેના કોઈ કારણો અપાયા ન હતા. અરજદાર સંસ્થા વતી પ્રશાંત ભૂષણે કહ્યું કે જે ટીમ તપાસ કરે છે તેમાં ત્રણ સભ્યો ડીરેકટર જનરલ ઓફ સીવીલ એવીએશનના છે. જયારે દુર્ઘટના માટે તે ખુદ જવાબદાર સંસ્થા છે તથા તપાસનો આખરી રિપોર્ટ હજુ આવ્યો નથી.

આ વિમાની દુર્ઘટનામાં ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત ૨૪૧ મુસાફરો અને ચાલકદળના ૧૯ સભ્યો ઉપરાંત વિમાન જમીન પર ખાબકતા વધુ ૧૦ લોકો માર્યા ગયા હતા.

### સુરત સર્કીટ હાઉસમાં પાટીલ - હર્ષ સંઘવી સાથે ૩૦ મીનીટ બેઠક

# અમીત શાહને મળવા કતાર : શંકર ચૌધરી છેક પાલનપુરથી પહોંચ્યા

**બનાસડેરીની ચૂંટણી સમયે વિધાનસભાના અધ્યક્ષ પણ પોલીટીકલ પ્રવૃતિમાં જોડાયા : સુરતમાં ધારાસભ્યો પણ પહોંચ્યા**

**રાજકોટમાં એક જૂથ રજુઆત કરવા થનગને છે પણ અમિતભાઈ 'ભાવ' આપશે કે કેમ તેના પર ચર્ચા**

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨શ

ગુજરાતમાં એક તરફ ભાજપના પ્રદેશ પ્રમુખશ્રી મંત્રીમંડળના વિસ્તરણ તથા સહકારી ડેરીમાં ચુંટણીઓ ઉપરાંત રાજકોટ સહિતના મહાનગરો જીલ્લાઓમાં આંતરિક સાઠમારી તિવ્ર બની છે તે વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહની ગઈકાલથી પ્રારંભ થયેલી ગુજરાત મુલાકાતમાં તેઓ કોને કોને મળે છે અને કેવી રજુઆતો થાય છે તેના પર ચર્ચા છે. શ્રી શાહ ગઈકાલે જ રાત્રીના સુરત પહોંચ્યા હતા. આજે સવારે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના નિવાસે નાસ્તો કર્યા બાદ સર્કીટ હાઉસમાં તેઓ અને શ્રી પાટીલ ઉપરાંત ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીની બેઠક યોજાઈ હતી.

બાદમાં તેમાં રાજય કક્ષાના મંત્રી પ્રફુલ પાનસેરીયા સહિતના અગ્રણીઓ પણ જોડાયા હતા અને સ્થાનિક ધારાસભ્યો પણ મળ્યા હતા તો સૌના આશ્ચર્ય વચ્ચે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકર ચૌધરી પણ છેક



સુરત પહોંચીને અમીત શાહને મળ્યા હતા.હાલ ગુજરાતમાં જે રીતે સહકારી ડેરીમાંથી ચુંટણી ચાલી રહી છે અને તેમાં શંકર ચૌધરીના વર્ચસ્વવાળી બનાસડેરીની ચૂંટણીમાં ફોર્મ ભરાયા છે તે સમયે શંકર ચૌધરી જેવો વિધાનસભાના અધ્યક્ષ છે તેમાં સામેથી આ રીતે મુલાકાત માટે પહોંચે તે દર્શાવે છે કે મામલો કંઈક ગંભીર છે. શ્રી શાહના રાજકોટના કાર્યકર સમયે પણ શહેર ભાજપના એક જૂથે તેમની પાસે રજુઆત કરવા તૈયારી દર્શાવીને હોવાનું ચર્ચાય છે અને એવો દાવો થાય છે કે અમીત શાહે તેમને હ્લસમય' પણ આપ્યો છે તો શું ખરેખર તેઓ આ રીતે સ્થાનિક વિવાદમાં મુલાકાત આપે છે કે કેમ તેના પર સૌની નજર છે.

### ટાયર ફાટવાથી એક બોલેરો કાર ઊંડા કૂવામાં પડી ગઈ, જેમાં ત્રણના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા

છિંદવાડા,તા.૨૨

મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લામાં એક મોટો અકસ્માત થયો. શુક્રવારે સાંજે ૬ વાગ્યે બેતુલ હાઈવે પર એક ફોર વ્હીલર વાહન કાબુ ગુમાવીને કૂવામાં પડી ગયું. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે ટાયર ફાટવાથી એક બોલેરો વાહન કાબુ ગુમાવી બેઠું હતું અને તેમણી ખુર્દ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એક ઊંડા કૂવામાં પડી ગયું હતું.બોલેરોમાં કુલ સાત લોકો સવાર હતા. તેમાંથી ત્રણને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. પોલીસે અત્યાર સુધીમાં ત્રણ લોકોના મૃતદેહ બહાર કાઢ્યા છે. એક યુવકની શોધખોળ ચાલુ છે. SDRF ટીમ પણ બચાવ કામગીરીમાં સામેલ છે.મળતી માહિતી મુજબ, બોલેરોમાં સવાર તમામ સાત લોકો ધાર્મિક વિધિ માટે મુલતાઈથી ચિત્રકૂટ જઈ રહ્યા હતા. ટેમણી ખુર્દ ગામ નજીક ટાયર ફાટવાથી ઝડપી ગતિએ આવતી બોલેરોએ અચાનક કાબુ ગુમાવ્યો અને રસ્તાની બાજુમાં આવેલા કૂવામાં પડી જતાં આ અકસ્માત થયો.

# સાથિયા પુરાવો દ્વારે, દિવડા પ્રગટાવો રાજ,આજ મારે આંગણે પધારશે માઁ પાવાવાળી

નવલા નોરતાની રમઝટનો આજે બીજો દિવસ નોરતાની ગઈકાલ થી શરૂ થઈ પ્રથમ દિવસે ઘટ સ્થાપન અને ગરબી પધરાવી માતાજીના ગુણગાન ગાવાની શરૂઆત કરી આમ તો નવરાત્રિ આખા ભારતમાં ખુબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. આપણે તો ગુજરાતી એટલે ગરબા વગર તો નોરતાં થોડાં જામે??? આ નોરતાંનું પર્વ નવ દિવસ સુધી ચાલે છે.પણ આ વર્ષે દિવસ સુધી ચાલશે આ દશ દિવસની અંદર આપણે પાર્વતી, લક્ષ્મી અને સરસ્વતીની નવ દેવી ઓના રૂપમાં પુજા કરીએ છીએ. પહેલા દિવસે પાર્વતીના ત્રણ સ્વરૂપ(કુમાર, પાર્વતી અને મહા કાલી) આગળ ના ચાર દિવસોમાં લક્ષ્મી માતાના સ્વરૂપોની અને પાછલા ત્રણ દિવસોમાં સરસ્વતી ના ત્રણ રૂપોની પુજા કરવામાં આવે છે. આ ત્રણેય દેવીઓ શક્તિ,જ્ઞાન અને સંપદાનું પ્રતિનિધિત્વ કરે છે. તો આ નવ રૂપો વિશે થોડીક જાણી કારી ગઈકાલે એટલે કે પહેલા દિવસે મેળવી ઘટસ્થાપન બાદ દુર્ગા શૈલીપુત્રી આદિશક્તિ દુર્ગાનું પૂજન અર્ચન કર્યુ પહેલું સ્વરૂપ શ્રી શૈલીપુત્રીનું છે. આ પર્વતરાજ હિમાલયની પુત્રી હોવાથી તેને શૈલીપુત્રી કહેવામાં આવે છે. નવરાત્રિના પ્રથમ દિવસે આની આરાધના અને પુજા કરવામાં આવે છે.આમની પુજા કરવાથી મુલાધાર ચક્ર જાગ્રત થાય છે જેના દ્વારા સાધકને ચક્ર જાગ્રત થવાથી મળતી



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

સિધ્ધીઓ તેની જાતે જ પ્રાપ્ત થઈ જાય છે.

આજે બીજા દિવસે દુર્ગા શ્રી બ્રહ્મચારિણી આદિશક્તિ દુર્ગાનું બીજું સ્વરૂપ બ્રહ્મચારિણીનું છે, અહીયા બ્રહ્મચારિણીનું તાત્પર્ય તપચારિણી છે. તેમણે ભગવાન શંકરને પતિ સ્વરૂપે પ્રાપ્ત કરવા માટે ધોર તપસ્યા કરી હતી. એટલા માટે તે તપશ્ચારિણી અને બ્રહ્મચારિણીના નામથીઓળખાય છે. નવરાત્રિના બીજા દિવસે આમની પુજા-અર્ચના કરવામાં આવે છે. આમની પુજા કરવાથી મનુષ્યને તપ,ત્યાગ, વૈરાગ્ય, સદાચાર અને સંયમની વૃધ્ધી થાય છે. તેમજ મન પણ કર્તવ્ય પથ પરથી વિચલીત થતું




નથી.ત્રીજા અને ચોથા દિવસે દુર્ગા શ્રી ચંદ્રઘંટા-દુર્ગા શ્રી કૃષ્માંડા આદિ શક્તિ દુર્ગાનું ત્રીજુ રૂપ એટલે શ્રી ચંદ્રઘંટા.આમના મસ્તક પર ઘંટના આકારનોઅર્ધચંન્દ્ર છે.એટલામાટે તેમને ચંદ્રઘંટા કહેવામાં આવે છે. નવરાત્રિના ત્રીજા દિવસે આ દેવી ની પુજાઅર્ચના કરવામાં આવે છે આમની પુજા કરવાથી મણિપુર ચક્રની પ્રાપ્તિ થાય છે અને તેના દ્વારા મળતી સિધ્ધિઓ તેની જાતે જ મળી જાય છેતેમજ સાંસારિક કષ્ટોથી મુક્તિ મળી જાય છે. આધ્ય શક્તિ દુર્ગાનું ચોથું સ્વરૂપ એટલે શ્રી કૃષ્માંડા. પોતના તિના ઉદરમાંથી બ્રહ્માંડને ઉત્પન્ન કરવાને કારણે તેમને કુષ્માંડાદેવી ના નામથી ઓળખવામાં આવે છે કુષ્કોડા દેવીના પુજનથી અનાહત ચક્ર જાગૃતિની સિધ્ધિ ઓ પ્રાપ્ત થાય છે. શ્રી કુષ્માંડાની રાખવાની છે. ઉપાસના કરવાથી બધા જ રોગો અને કષ્ટો નાશ પામે છે. આમની ભક્તિથી આયુષ્ય બળ અને આરોગ્યની વૃધ્ધી થાય છે. પાંચમા દિવસે દુર્ગા શ્રી સ્કંદમાતા આદિશક્તિ દુર્ગાનું પાંચમું રૂપ એટલે શ્રી સ્કંદમાતા છે. શ્રી સ્કંદ (કુમાર કાર્તિકેય)ની માતા હોવાને કારણે તેમને શ્રી સ્કંદ માતા કહેવામાં આવે છે. નવરાત્રિના પાંચમા દિવસે આમની પુજા- અર્ચના કરવામાં આવે છે.તેમની આરાધના કરવાથી વિશુધ્ધ ચક્રથી પ્રાપ્ત થનાર સિધ્ધિઓ મળે છે. તેમજ મૃત્યુલોકમાં જ સાધક ને પરમ શાંતિ અને સુખનો અનુભવ થાય છે.આને માટે મોક્ષ નો દ્વાર તેની જાતે જ સુલભ થઈ જાય છે. છઠ્ઠા દિવસે દુર્ગા શ્રી કાત્યાયની આદિશક્તિ દુર્ગાનું છઠ્ઠું સ્વરૂપ એટલે શ્રીકાત્યાયની મહર્ષી કાત્યાયનીનો તપસ્યાથી પ્રસન્ન થઈને આદિશક્તિએ તેમના ઘરે પુત્રી સ્વરૂપે જન્મ લીધો હતો. એટલા માટે તે શ્રી કાત્યાયની કહેવાય છે. નવરાત્રિના છઠ્ઠા દિવસે આનમી પુજા અર્ચના કરવામાં આવે છે. શ્રીકાત્યાયનીની ઉપાસનાકરવાથી આજ્ઞા ચક્ર જાગૃત થવાથી સિધ્ધિ ઓ પ્રાપ્ત થાય છે.તે આ લોકમાં રહીને પણ અલૌકીક તેજ અને પ્રભાવ મેળવે છે. તેમજ તેના રોગ,ભય,સંતાપ,શોક,એ બધી જ વ્યથાઓનો નાશ થઈ જાય છે.સાતમા દિવસે દુર્ગા શ્રી કાલ રાત્રિ આદિશક્તિ શ્રીદુર્ગાનું સાતમું સ્વરૂપ એટલે શ્રીકાલરાત્રિ છે. આ કાળનો નાશ કરનારી છે. એટલા માટે કાલરાત્રિ કહેવાય છે. નવરાત્રિના સાતામા દિવસે આમની પુજા અર્ચના કરવામાં આવે છે.આ દિવસે સાધકે પોતાનું ચિત્ત ભાનુ ચક્ર (કપાળની વચ્ચે)સ્થિર કરીને સાધના કરવી જોઈએ.શ્રી કાલરાત્રિની સાધના કરવાથી સાધકને ભાનુ ચક્ર જાગૃત થવાથી તેની સિધ્ધિઓ તેની મેળે જ પ્રાપ્ત થઈ જાયછે.આઠમા દિવસે દુર્ગા શ્રી મહાગૌરી આદિ શક્તિ દુર્ગાનું આઠમું સ્વરૂપ એટલે શ્રી મહા ગૌરી. આમનો વર્ણ ગોરો છે એટલા માટે તેમને મહાગૌરી કહેવામાં આવે છે.નવરાત્રિના આઠમા દિવસે આમની પુજા કરવામાં આવે છે.આ દિવસે સાધકે પોતાનું ચિત્ત સોમચક્ર ઉર્ધ્વ લલાટ પર સ્થિર કરીને સાધના અરવી જોઈએ. શ્રી મહાગૌરીની આરાધના કરવાથી સોમચક્ર જાગૃત થવાથી તેની સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. આમની ઉપાસના કરવાથી અસંભા કાર્ય પણ સંભવ બની જાય છે.

નવમા દિવસે દુર્ગા શ્રી સિદ્ધિદાત્રી આદિશક્તિ શ્રી દુર્ગાનું નવમું સ્વરૂપ એટલે શ્રી સિદ્ધિદાત્રીનું છે. આ બધા જ પ્રકારની સિધ્ધિઓ ની દાત્રી છે એટલા માટે તેને સિદ્ધિદાત્રી કહેવામાં આવે છે. નવરાત્રિના નવમા દિવસે આમની પુજા અર્ચના કરવામાં આવે છે. આ દિવસે સાધકે પોતાનિ ચિત્ત નિર્વાણ ચક્ર એટલે કે મધ્ય કપાળ માં કરીને સાધના કરવાથી તેને બધા જ પ્રકારની સિધ્ધિની પ્રાપ્તિ થાય છે. સૃષ્ટીમાં કઈ પણ તેના માટે અગમ્ય નથી રહી જતું. વાંચકમિત્રો નવલા નોરતામાં આધ્ય શક્તિ ભવાનીની ઉપાસના આરાધના શરૂ કરી રહયા છીએ સૌને મા આધ્ય શક્તિ ભવાની મનોવાંછિત ફળ આપે તેવી પ્રાર્થના સહ અસ્તુ.

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં મેદસ્વિતા મુક્ત રીઝલ્ટ ઓરિએન્ટેડ કેમ્પનું આયોજન

# મહેસાણામાં પરશુરામ પ્લેગ્રાઉન્ડ અને અવસર પાર્ટી પ્લોટ કડી ખાતે યોજાઈ રહ્યા છે મેદસ્વિતા મુક્તિ રીઝલ્ટ ઓરિએન્ટેડ કેમ્પ

### યોગા અભ્યાસુઓને સવારે ૬:૦૦ કલાકથી ૭:૩૦ કલાક દરમિયાન યોગના વિવિધ આસનો અને મેદસ્વિતા માટે આહારની પદ્ધતિ અંગે જાણકારી આપવામાં આવી







(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

મહેસાણા જિલ્લા યોગ કોર્ડીનેટરશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે વડાપ્રધાનશ્રીના ૭૫માં જન્મદિવસ નિમિતે "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત" - અભિયાન અંતર્ગત મેદસ્વિતા યોગ કેમ્પ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સમગ્ર ગુજરાતમાં ૧૭ સપ્ટેમ્બર-૨૦૨૫ થી ૧૬-ઓકટોબર-૨૦૨૫ સુધી મેદસ્વિતા ઘટાડવા માટે ૭૫ સ્થળોએ ૧૦૦ લોકો સાથે ૩૦ દિવસીય રીઝલ્ટ ઓરીએન્ટેડ મેદસ્વિતા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે મહેસાણા જિલ્લામાં પરશુરામ પ્લેગ્રાઉન્ડ, ટીબી રોડ, મહેસાણા અને અવસર પાર્ટી પ્લોટ કડી ખાતે મેદસ્વિતા મુક્તિ રીઝલ્ટ ઓરિએન્ટેડ કેમ્પ યોજાઈ રહ્યા છે. આ કેમ્પમાં સવારે ૬:૦૦ કલાકથી ૭:૩૦ કલાક દરમિયાન યોગના વિવિધ આસનો અને મેદસ્વિતા માટે આહારની પદ્ધતિ અંગે યોગ કોઓર્ડીનેટરશ્રી દ્વારા યોગા અભ્યાસુઓને જાણકારી આપવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જૂનના દિવસને ×આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે રમતગમત વિભાગ હેઠળ ગુજરાત રાજય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતની જનતાને સ્વસ્થ રાખવા અને મેદસ્વિતાથી મુકત રાખવા મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન ચલાવવામાં આવે છે. ગુજરાત સરકારના આ સંકલ્પને સાકાર કરવા અને આ અભિયાનને આગળ વધારવા ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા × સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત × અભિયાન અંતર્ગત વડાપ્રધાનશ્રીના ૭૫ મા જન્મદિવસ થી ૩૦ દિવસીય રીઝલ્ટ ઓરીએન્ટેડ મેદસ્વિતા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશનની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. હવે આગામી તા. ૨૫ સપ્ટેમ્બર સુધી રજીસ્ટ્રેશન કરાવીને રીઝલ્ટ ઓરીએન્ટેડ મેદસ્વિતા કેમ્પમાં ભાગ લઈ શકાશે.

આ કેમ્પનો હેતુ લોકોને યોગ અને આહાર થકી મેદસ્વિતા કઈ રીતે દુર કરવા તે માટેના આસનો, પ્રાણાયામ, ડાયટ વિગેરેથી જાણકારી આપી મેદસ્વિતા ઘટાડવા અંગેનો છે.આ કેમ્પમાં ભાગ લેવા માટે https://forms.gle/JpEzUTWATiWsMP6y6 લિંક પર રજિસ્ટ્રેશન કરવા યોગ બોર્ડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

**આગામી તા. ૨૫ સપ્ટેમ્બર સુધી રજીસ્ટ્રેશન કરાવીને રીઝલ્ટ ઓરીએન્ટેડ મેદસ્વિતા કેમ્પમાં ભાગ લઈ શકાશે**

## સાંકળચંદ પટેલ યુનિવર્સીટી, વિસનગરના વિદ્યાર્થીઓનું વિશ્વ ઉમિયાધામમાં કોંક્રિટ રાફ્ટ કાર્સ્ટિંગમાં સરાહનીય યોગદાન

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ૧૦૦ વિઘા જમીનમાં સામાજીક સહયોગથી અમદાવાદમાં વિશ્વનું સૌથી ઊંચું ૫૦૪ ફૂટ ઉમિયામાતા મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે, જે વિશ્વની અજાયબી સમાન ગણાશે. ઉમિયાધામ મંદિરનો વિરાટ ગુંબજ ૧૫૫૧ ધર્મસ્તંભ ઉપર આકાર લઈ રહ્યો છે. જેનું કોંક્રિટ રાફટ કાર્સ્ટિંગ અવિરતપણે માત્ર ૫૪ કલાકમાં તારીખ ૧૫ થી ૧૭, સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ભરવામાં આવેલ છે. સમગ્ર રાફટ કાર્સ્ટિંગ કાર્યમાં ૨૪૦૦૦ ઘન મીટર કોંક્રિટ, ૪૪૦૦ ટન સ્ટીલ તથા ૩૬૦૦ ટન સિમેન્ટનો વ્યાપક ઉપયોગ કરવામાં આવેલ હતો.



આ ધાર્મિક ક્ષેત્રના વિશ્વ રેકોર્ડમાં ગુજરાતની એકમાત્ર સાંકળચંદ પટેલ યુનિવર્સીટીના ૫૩ જેટલા વિદ્યાર્થીઓ તથા ૩ ફેકલ્ટી મેમ્બર દ્વારા ટેકનીકલ સુપરવાઈઝરની જવાબદારી સંભાળેલ હતી, જેઓએ કોંક્રિટ સંલગ્ન સીલ્ટ ટેસ્ટ, કોંક્રિટ ટેસ્ટ, વાઈબ્રેશન, કોમ્પેકશન, ટેમ્પરેચર મેનેજમેન્ટ, આર.એમ.સી ક્વોલીટી ચેક જેવા ટેકનીકલ કામોમાં દિવસ રાત ભાગ લીધેલ હતો.

આ ગૌરવવંતા ઈતિહાસના ભાગ બનવા બદલ યુનિવર્સીટીના પ્રેસિડેન્ટ તથા સિવિલ ઈજનેરશ્રી પ્રકાશભાઈ પટેલ અને પ્રોવોસ્ટ ડૉ.પી.એમ.ઉદાણી દ્વારા સતત માર્ગદર્શન તથા જરૂરી સહયોગ પ્રાપ્ત થયેલ છે.

## સાબરકાંઠા જિલ્લામાં નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ

(ગરવી તાકાત) ઈડર તા.૨૨

સાબરકાંઠા જીલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરાય તે માટે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડબ્રહ્મા ખાતે ઈડર, પોશીના અને વિજયનગર એમ ત્રણ તાલુકાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ આપવામાં આવી હતી.



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

**આ તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પધ્ધતિઓ અને લાભો વિષે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું**

આ સાથે કપાસ સંશોધન કેન્દ્ર તલોદ ખાતે પ્રાંતિજ તાલુકાના ખેડૂતોને નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત તાલીમ આપવામાં આવી હતી.

કેન્દ્ર સરકારશ્રી દ્વારા શરુ વર્ષે અમલમાં આવેલી નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજનાનો મુખ્ય ઉદેશ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાનો છે. આ તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પધ્ધતિઓ અને લાભો વિષે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું .વધુમાં પ્રાકૃતિક કૃષિમાં જીવામૃત,ઘનજીવામૃત,બીજામૃત તેમજ પાક સંરક્ષણથી ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા.

આ તાલીમમાં અમલીકરણ અધિકારીઓ, કર્મચારી તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત સરકાર દ્વારા નેશનલ સ્ટેમ્ ક્વીઝ ૪.૦ સ્પર્ધા નું આયોજન કરાશે

(ગરવી તાકાત) ઈડર તા.૨૨

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર ,ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ સ્ટેમ્ ક્ષેત્રમાં અભિવ્યક્તિ થાય તેવા આશયથી સમગ્ર ગુજરાત રાજ્યમાં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે સ્ટેમ ક્વિઝ સ્પર્ધા ૪.૦-૨૫ નું આયોજન કરેલ છે. આ સ્પર્ધા જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમથી સાયન્સ સીટી ,અમદાવાદ ખાતે યોજવામાં આવશે. આ સ્પર્ધા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં હશે. આ સ્પર્ધાની ઔપચારિક જાહેરાત શિક્ષણ અને વિજ્ઞાન ટેકનોલોજી વિભાગ દ્વારા ૧૯ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી છે. હાલ આનું રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું છે. આ ક્વિઝમાં કોઈપણ બોર્ડ ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. રજીસ્ટ્રેશન માટે કોઈ ફી રાખવામાં આવી નથી. આ ક્વિઝમાં હાલના




વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો હશે આ સ્પર્ધામાં બાર્ક, ડીઆરડીઓ ની સંસ્થાની મુલાકાત સાથે બે કરોડ જેવી માતબર રકમના ઈનામો તો ખરા જ ભાગ લેનારને બુટ કેમ્પ ની અંદર પણ જવાનો લાભ મળશે. આ સ્પર્ધામાં સામેલ થવા માટે રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. વિદ્યાર્થીઓ દ્વારા પોતાના મોબાઈલથી રજીસ્ટ્રેશન આ લિંક ઉપર કરાવવાનું રહેશે. પ્રમુખસ્વામી લોકવિજ્ઞાન કેન્દ્ર, બડોલી સાબરકાંઠા દ્વારા આ રજીસ્ટ્રેશન માટે જહેમત ઉઠાવી રહ્યા છે. આ સ્પર્ધા વિશે વધુ જાણકારી માટે બડોલી વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરવા સંપર્ક કરવો.https://stemquiz.guja®a.gov.in/STEMStudentRegist®aion

## સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે ૨૨મી સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય સેવા યોજના (NSS) દિવસની ઉજવણી ભવ્ય રીતે ટેકસેટ હોલ, SPCE ખાતે યોજાઈ હતી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના બીસીએ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અભિજીત જાડેજા, દ્રજીજી યુનિવર્સિટી કૉઓર્ડિનેટર ડૉ. રાકેશ એન. પટેલ, વિસનગર નગરપાલિકા સુપરવાઈઝર, બીસીએ કોલેજના પ્રોગ્રામ ઓફિસર મિસ્ટર યોગેશ પટેલ, તમામ સંકળાયેલા કૉલેજોના પ્રોગ્રામ ઓફિસર તેમજ દ્રજીજી વોલેન્ટિયર્સ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દ્રજીજીના સૂત્ર "NO Me But You" સાથે કરવામાં આવી. કાર્યક્રમના ભાગરૂપે નગરપાલિકાના ૧૦ સફાઈ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું તથા તેમને રેશન કિટ વિતરણ કરવામાં આવ્યું, જે તેમના સમાજ માટેના અમૂલ્ય યોગદાનની કદરરૂપે હતું.

આ સાથે નવા NSS વેબસાઈટનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું, જે ખાસ કરીને બીસીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવ્યું હતું, જેથી



**આ પ્રસંગે મહેમાનો દ્વારા NSS વોલેન્ટિયર્સની નિસ્વાર્થ સેવા ભાવનાની પ્રશંસા કરવામાં આવી તથા વિદ્યાર્થીઓને સમાજ સેવા પ્રત્યે સતત જોડાયેલા રહેવા પ્રેરણા આપવામાં આવી.**

NSSની તમામ માહિતી અને પ્રવૃત્તિઓ સરળતાથી ઓનલાઈન ઉપલબ્ધ થઈ શકે. વધુમાં NSS Annual Report ૨૦૨૪–૨૫નું અનાવરણ પણ કરવામાં આવ્યું, જેમાં NSS દ્વારા વર્ષ દરમિયાન યોજાયેલી વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ, કેમ્પ, સેવાકાર્ય અને યુવા ઉત્સવોની ઝલક રજૂ કરવામાં આવી.

આ પ્રસંગે મહેમાનો દ્વારા NSS વોલેન્ટિયર્સની નિસ્વાર્થ સેવા ભાવનાની પ્રશંસા કરવામાં આવી તથા વિદ્યાર્થીઓને સમાજ સેવા પ્રત્યે સતત જોડાયેલા રહેવા પ્રેરણા આપવામાં આવી.

કાર્યક્રમ દરમિયાન એનએસએસના નેશનલ લેવલ પર PRD દિલ્હી અને NIC કેમ્પ અને સ્પોર્ટ્સ માં વોલીબોલ , જુડો જેવી ગેમમાં વેસ્ટ ઝોન લેવલ પર પાર્ટિસ વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું.

સાથે સાથે "નિષ્ક્રિય મિત્ર પખવાડિયા" અંતર્ગત આવેલ ટીમ દ્વારા યુનિવર્સિટી ખાતે ખાસ ટીબી અવેરનેસ પ્રોગ્રામ યોજવામાં આવ્યો, જેમાં વિદ્યાર્થીઓને ક્ષયરોગના લક્ષણો, બચાવના ઉપાયો અને સમયસર સારવાર અંગે માહિતગાર કરવામાં આવ્યા. આ અવેરનેસ પ્રોગ્રામ દ્વારા NSS વોલેન્ટિયર્સ તેમજ વિદ્યાર્થીઓમાં આરોગ્ય જાગૃતિ વધારવાનો હેતુ સફળતાપૂર્વક પૂર્ણ થયો.NSS Day Celeb®aion દ્વારા શ્રી સી જે પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડી ,સાંકળચંદ પટેલ યુનિવર્સિટીએ ફરી એકવાર સમાજ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી અને દ્રજીજીના સૂત્ર "NO Me But You" ને સાકાર કરતાં NSS વોલેન્ટિયર્સે સમાજ સેવા, સહકાર અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

આ સમગ્ર આયોજન NSS Unit, SCJPCCS, Sankalchand Patel University દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

# સંક્ષિપ્ત સમાચાર

## સ્વસ્થ નારી સશકત પરિવારઃ સાબરકાંઠા જિલ્લો

### કોમ્યુનિટી હેલ્થ સેન્ટર મટોડા ખાતે સ્વસ્થ નારી સશકત પરિવાર અભિયાન અંતર્ગત પોષણ માસ-૨૦૨૫ની ઉજવણી કરાઈ



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકાના કોમ્યુનિટી હેલ્થ સેન્ટર મટોડા ખાતે સ્વસ્થ નારી સશકત પરિવાર અભિયાન અંતર્ગત તાલુકા આરોગ્ય અધિકારીની ઉપસ્થિતિમાં પોષણ માહ-૨૦૨૫ની ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઓછા વજનવાળા બાળકોના વાલીઓને બાળકોના સ્વાસ્થ્ય અંતર્ગત સમતોલ આહારની અગત્યતા, આહાર અને સ્વાસ્થ્ય, સગર્ભાવસ્થાની સેવાઓ, બાળક માટે ધાવણનું મહત્વ, સ્થાનિક ઉપલબ્ધ ધાન્ય અને શાકભાજી માંથી બનાવી શકાતી વિવિધ પોષણ યુકત વાનગી ઓના નિદર્શન કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમમાં તાલુકા આરોગ્ય અધિકારીએ સી.એમ.ટી.સી ની સેવાઓના મહત્વ અંગે વિગતે વાત કરી હતી.તેમજ જયેશભાઈ પંડ્યા એ બાળકોના વૃધ્ધિ -વિકાસ માં ખોરાકની અગત્યતા અંગે સંપૂર્ણ જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં બાળકોને પોષણ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સ્થાનિક અધિકારીઓ -કર્મચારીઓ તેમજ બાળકોને મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## બનાસ ડેરીના ડિરેક્ટર પદે મૂળજીભાઇ પટેલની બિનહરીફ વરણી

### એશિયાની સૌથી મોટી બનાસ ડેરી ના ડિરેક્ટર પદે મૂળજીભાઇ પટેલની બિનહરીફ વરણી થતાં પશુપાલકોએ શુભેરછા પાઠવી



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૨

એશિયાની સૌથી મોટી બનાસ ડેરી અને બનાસકાંઠા જિલ્લામાં પશુપાલકો ની જવા દોરી સમાન બનાસ ડેરી ચૂંટણી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોય ત્યારે સૂઈગામ તાલુકામાં ડિરેક્ટર તરીકે ફોર્મ ભરવા ના હોય જેથી આજે સૂઈગામ તાલુકામાં ડિરેક્ટર પદે મૂળજીભાઈ પટેલે પોતાની ઉમેદવારી ફોર્મ ભરવા સૂઈગામ મામલકદાર કચેરીએ પહોંચ્યા હતા જેમાં સૂઈગામ તાલુકામાં માંથી માત્ર એક ફોર્મ આવતા મૂળજીભાઈ પટેલને બિનહરીફ તરીકે ફરીવાર ચૂંટાયા હતા ત્યારે સરહદી સૂઈગામ તાલુકાના પશુપાલકો રાજકીય આગેવાનો સામાજિક આગેવાનો ઢેર સારી શુભેરછા પાઠવી હતી અને ફરીવાર પશુપાલકો મૂળજીભાઈ પટેલે વિશ્વાસ જીત્યો હતો અને તેવો બિનહરીફ વરણી થતાં પશુપાલકોએ શુભેરછા પાઠવી હતી.

## અમદાવાદના સોમનાથ મહાદેવ મંદિર ખાતે વિશ્વમાં સર્વ પ્રથમ શાસ્ત્રોક્ત પધ્ધતિએ ષષ્ટિપૂર્તિ મહાયજ્ઞનું આયોજન

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૨

આ આયોજન ભારતમાં પ્રથમવાર થયું હોવાથી આનો રેકોર્ડ ×યુનિક વર્લ્ડ રેકોર્ડ× દ્વારા નોંધવામાં આવ્યો. ડો.મેહુલ વિનોદરાય મશ્કારિયા ખુબ જ જાણીતા ઓર્થોપેડિક સર્જન છે અને તેમનાં પત્ની હિના મેહુલ મશ્કારિયા જાણીતા ગાયનેકોલોજીસ્ટ છે.ડો.મેહુલ વિનોદરાય મશ્કારિયાના સાઈઠ વર્ષ નિમિત્તે તેમણે તેમની ભાવના અનુસાર ×ષષ્ટિપૂર્તિ મહાયજ્ઞ મહાપૂજા"નું આયોજન અમદાવાદનાં વિશાલા હોટલ,શાસ્ત્રીબ્રિજ નજીક ગ્યાસપૂરમાં આવેલ સોમનાથ મહાદેવ મંદિર ખાતે કરવામાં આવ્યું હતું.તેમાં ડો.મેહુલભાઈ સહીત તેમનાં ૩૫ પુણ્યશાળી સ્વજનો અને મિત્રો (૬૦ વર્ષની આસપાસ), પોતાનાં ૮ કુટુંબીજનો તેમજ ૬૦ બ્રાહ્મણો સાથે પોતપોતાનાં આગવા યજ્ઞકુંડમાં પોતપોતાની ષષ્ટિપૂર્તિ પૂજા-ઉગ્રરથ શાંતિયજ્ઞ કર્યો હતો.



આ મહાયજ્ઞમાં ભાગ લેવા અમેરિકા અને લંડનથી તેમનાં મિત્રો, સગાવહાલાઓ ઉપસ્થિત રહ્યા હતા.આ મહાયજ્ઞ પ્રિન્સિપાલ ડો.શ્રી યોગેશ્વરશાસ્ત્રીજી તથા તેમનાં ૬૦ બ્રાહ્મણોની ટીમનાં આયોજન હેઠળ કરવામાં આવ્યો હતો.આ મહાયજ્ઞ ખુબ યુનિક ઘટના છે.વ્યક્તિ પોતાની ષષ્ટિપૂર્તિ કરી શકે છે પણ એકસાથે ૩૫ લોકોને પણ પોતાની સાથે આવો યજ્ઞ કરાવે તેવું આયોજન ભારતમાં પ્રથમવાર થયું હતું.આનો રેકોર્ડ ×યુનિક વર્લ્ડ રેકોર્ડ× દ્વારા નોંધવામાં આવ્યો હતો.ડો.મેહુલ મશ્કારિયા પોતે જૈન હોવાથી તેમની ષષ્ટિપૂર્તિ મહાયજ્ઞ કર્યાના બીજા દિવસે તેમનાં લગભગ ૧૭૦ જૈન સગાવહાલા સાથે જીરાવાલા પાર્શ્વનાથ (રાજસ્થાન) ની બે દિવસની કુટુંબ યાત્રા કરાવવા લઈ ગયા હતા.જેમાં તેઓ પંચતીર્થ (પાંચ જૈન તીર્થ) ની યાત્રા પણ કરાવી હતી.અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે કે આ ષષ્ટિપૂર્તિ મહાયજ્ઞ - યાત્રા આ બધાનો હેતુ ૬૦ વર્ષ સુધી પ્રભુએ આપેલ ખુબ જ અઢળક ઐશ્વર્ય,પદ, પ્રતિષ્ઠા સારું સ્વાસ્થ્ય માટે "Thanks Giving" અને હવે બાકી રહેલા આયુષ્યમાં ભગવત કાર્ય-શુભ કાર્યનો સંકલ્પ અને નિરામય સ્વાસ્થ્યના આશીર્વાદ લેવાનાં હોય છે.

Volume : 11 Issue : 160 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002